ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,**ભાવનગર.**
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૧૪/૨૩-૨૪/ 1087 તારીખ : 21 JUL 2023

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**વોરા શ્વેતાબેન રમણીકભાઈ**
**ગણપતિ ફાટસર, પ્રાથમીક શાળા રોડ,**
**રીધ્ધીનગર સોસાયટી,**
**જી.સુરેન્દ્રનગર**

કેસ નં.૧૪/૨૩-૨૪

**મો.નં-૯૭૨૫૫ ૫૫૬૨૨**

**વિષય : નવું એસ.સી.પી.કનેકશન ન મળવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.નીલ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૦૧/૦૬/૨૦૨૩.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૪/૨૩-૨૪/૯૯૩ તા.૦૩/૦૬/૨૦૨૩.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૪/૨૩-૨૪/૧૦૦૦ તા.૦૬/૦૬/૨૦૨૩.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૨૧/૦૬/૨૦૨૩** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

કન્વીનર,
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **સુરેન્દ્રનગર.**

*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**

(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, **પેટા વિભાગીય કચેરી, જોરાવરનગર.**

P.G.V.C.L. Bhavnagar. Consumer Grievance Redressal Forum

(ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૧૪/૨૩–૨૪** ☜

વાદી :– **શ્વેતાબેન રમણીકભાઈ વોરા,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખઃ– તા.૨૧/૦૬/૨૦૨૩** ◈

**વાદી :– વોરા શ્વેતાબેન રમણીકભાઈ (પોતે)**

પ્રતિવાદી :– **એચ.પી.રાવળ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

વોરા શ્વેતાબેન રમણીકભાઈ, ગામ–જોરાવરનગર, જી.સુરેન્દ્રનગરની નવું એસ.સી.પી. કનેકશન ન મળવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૪/૨૩–૨૪ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગરને પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૪/૨૩–૨૪/૯૯૩ તા.૦૩/૦૬/૨૦૨૩ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૨૧/૦૬/૨૦૨૩** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી પોતે શ્વેતાબેન રમણીકભાઈ વોરા હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એચ.પી.રાવળ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર ઉપસ્થિત રહેલ.

☞ વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...

૧.૧ શ્વેતાબેન રમણીકભાઈ વોરા, ગણપતિ ફાટસર, રીધ્ધીનગર સોસાયટી પાસે, જોરાવરનગર મુકામે રહેણાંક ધરાવે છે.

૧.૨ વાદી દ્વારા રજૂઆત કરવામાં આવેલ છે કે, તેઓ દ્વારા જોરાવરનગર વિજ કચેરીમાં એસ.સી.પી. સ્કીમમાં ઘર વપરાશ માટેનું વિજ કનેકશન લેવા માટે તા.૨૫/૦૪/૨૦૨૩ ના રોજ અરજી કરેલ હતી. આમ છતાં, વિજ કનેકશન આપવામાં આવેલ નથી.

Consumer Grievance Red. Forum P.G.V.C.L. Bhavnagar.

૧.૩ વાદીની રજૂઆત છે કે, વિજ કચેરી જોરાવરનગર ખાતે તપાસ કરતા, તેઓ દ્વારા કોઈપણ જવાબ આપવામાં આવેલ નથી અને વિજ કનેકશન નહી મળવાનું કોઈ કારણ લેખિતમાં કરવામાં આવેલ નથી. આમ, શા કારણથી વિજ કનેકશન આપવામાં આવેલ નથી.

૧.૪ આમ, મીટરની જરૂરીયાત હોય વિજ કનેકશન આપવા અંતે રજૂઆત કરેલ છે.

☞ <u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...

૨.૧ વાદીશ્રી શ્વેતાબેન રમણીકભાઈ વોરા, ગણપતિ ફાટસર, પ્રાથમીક પાસે, રીધ્ધીનગર, જોરાવર નગર, મુકામે રહેણાંક ધરાવે છે.

૨.૨ વાદી દ્વારા જોરાવરનગર વિજ કચેરીમાં એસ.સી.એસપી. સ્કીમમાં ઘર વપરાશ માટેનું વિજ કનેકશન લેવા માટે તા.૨૫/૦૪/૨૦૨૩ ના રોજ અરજી કરેલ હતી.

૨.૩ વાદીના પિતાશ્રી નું નામ રમણીકભાઈ માધાભાઈ વોરા છે. જેઓને વિજ કચેરી જોરાવરનગર દ્વારા વિજ ચોરી અંગેનું રૂા.૧૧,૪૨૬/૮૫ નું વિજ બિલ તા.૧૮/૦૯/૨૦૦૩ ના રોજ આપવામાં આવેલ હતું જે પાવર ચોરીનું પૂરવણી વિજ બિલ રમણીકભાઈ માધાભાઈ વોરા દ્વારા ભરપાઈ નહી કરતા વિજ કચેરી દ્વારા સદર રકમની વસુલાત માટે સુરેન્દ્રનગર સીનીયર એડીશનલ કોર્ટ, સુરેન્દ્રનગરમાં દાવા નં–૩૫૩/૨૦૦૫ થી દાવો દાખલ કરવામાં આવેલ હતો. જે કેસ કોર્ટમાં ચાલી જતાં નામદાર કોર્ટ, સુરેન્દ્રનગર દ્વારા રમણીકભાઈ માધાભાઈ વોરા ને રૂા.૧૧,૪૨૬/૮૫ વાર્ષિક ૯% ના વ્યાજ સાથે ભરવા માટે હુકમ તા.૩૧/૦૧/૨૦૦૭ ના રોજ કરવામાં આવેલ હતો.

૨.૪ સદર વિજ ચોરીની બાકી રકમ વસુલવા માટે જોરાવરનગર વિજ કચેરી દ્વારા તા.૧૨/૦૮/૨૦૦૯ ના રોજ ૨૫૮/૨૦૦૯ નંબરથી દિવાની દરખાસ્ત દાખલ કરવામાં આવેલ હતી. જેથી, સદર બાકી રકમ વાદીના પિતાશ્રીની બાકી હોય અને વાદી સીધી લીટીના વારસદાર હોય, સદર બાકી રકમ કંપનીના નિયમ મુજબ ભરવાપાત્ર થાય છે. વિજ કનેકશન માંગનાર તેમના વારસદાર હોય, પીજીવીસીએલ કંપનીના સપ્લાય કોડ–૨૦૧૫ ની શરત ૪.૩૦ મુજબ ભરવાપાત્ર થતી હોય કોઈ વિજ કનેકશન આપી શકાય નહી. જેની નકલ આ સાથે સામેલ છે.

૨.૫ વાદીએ વિજ કચેરી ખાતે સદર બાબત માટે તા.૨૭/૦૧/૨૦૨૩ ના રોજ અરજી આપવામાં આવેલ હતી તે અન્વયે, વિજ કચેરી દ્વારા તા.૦૮/૦૨/૨૦૨૩ ના રોજ જવાબ આપવામાં આવેલ છે અને ત્યારબાદ, વિજ કચેરી દ્વારા ફરીથી તા.૧૦/૦૩/૨૦૨૩ ના રોજ પણ જવાબ આપવામાં આવેલ છે. જેની નકલ આ સાથે સામેલ છે.

૨.૬ આમ, અરજદારના પિતાશ્રી રમણીકભાઈ માધાભાઈ વોરાના નામે દાવા નં–૩૫૩/૨૦૦૫ અન્વયે આપવામાં આવેલ હુકમ મુજબની રકમ બાકી હોવાથી વિજ કનેકશન આપવામાં આવેલ નથી.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.

૨.૭ વાદી શ્વેતાબેન રમણીકભાઈ વોરા દ્વારા એસ.સી.પી. સ્કીમમાં ઘર વપરાશ માટેનું વિજ કનેકશન લેવા માટે મથુરા પાર્ક, રે.સ.નં–૧૬૦૮ પૈકી પ્લોટ નં–૧૨ પૈકી સબ પ્લોટ નં–૧૨/૨ ની જગ્યા પર જોરાવરનગર ખાતે અરજી કરવામાં આવેલ છે. જયારે, પાવરચોરીનું વિજ બિલ ગણપતિ ફાટકની બાજુમાં જોરાવરનગર ખાતે આપવામાં આવેલ હતું. આમ, સદર બંને જગ્યા અલગ હોય તેવું દસ્તાવેજી પુરાવાઓ પરથી જણાઈ આવે છે. જે આપ સાહેબની જાણ સારૂં.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદારશ્રી શ્વેતાબેન રમણીકભાઈ વોરા, ગણપતિ ફાટસર, જોરાવરનગર દ્વારા તેમના રહેણાંકના સ્થળ પર એસ.સી.પી.સ્કીમ હેઠળ વિજ કનેકશન પ્રતિવાદી પીજીવીસીએલ દ્વારા આપવામાં ન આવતા, ફોરમને રજૂઆત કરેલ છે.

૩.૨ વાદીની રજૂઆત સંદર્ભે ફોરમ દ્વારા તા.૨૧/૦૬/૨૦૨૩ ના રોજ રૂબરૂ સુનાવણી રાખવામાં આવેલ. જેમાં, વાદી તેમજ પ્રતિવાદીના પ્રતિનિધિ એ હાજર રહી રજૂઆતો કરેલ છે.

૩.૩ વાદી શ્વેતાબેન રમણીકભાઈ વોરા દ્વારા એસ.સી.પી. સ્કીમ હેઠળ ઘર વપરાશનું વિજ કનેકશન મથુરા પાર્ક, રે.સ.નં–૧૬૦૮ પૈકી પ્લોટ નં–૧૨ પૈકી સબ પ્લોટ નં–૧૨/૨ ની જગ્યા જોરાવરનગર ખાતેની અરજી કરવામાં આવેલ. જેની સામે પ્રતિવાદી પીજીવીસીએલ દ્વારા વાદીના પિતાશ્રી રમણીક ભાઈ માધાભાઈ વોરા પાસે વિજ ચોરીની રકમ રૂા.૧૧,૪૨૬/૮૫ નું તા.૧૮/૦૯/૨૦૦૩ નું બિલની રકમ બાકી હોય, સદરહુ મેટર કોર્ટમાં પેન્ડીગ હોય, તથા આ કેસના અરજદાર શ્વેતાબેન તેમના પુત્રી હોય, સીધી લીટીના વારસદાર હોઈ, સપ્લાય કોડ–૨૦૧૫ ની શરત ૪.૩૦ મુજબ વાંધો રજૂ કરી વાદીને નવું વિજ કનેકશન આપવામાં આવેલ ન હોવાનું જણાવે છે.

૩.૪ ફોરમ સમક્ષ રજૂ થયેલ દસ્તાવેજો તેમજ મૌખિક રજુઆતોને ધ્યાને લેતાં, ફોરમને જણાય છે કે, અરજદારના પિતાશ્રી રમણીકભાઈ માધાભાઈ પાસે વીજચોરીના બીલ ની રકમ હોવા અંગેનો કોઈ દાવો પડતર નથી.

સવિશેષ શ્રી રમણીકભાઈ માધાભાઈ દ્વારા કરવામાં આવેલ પાવર ચોરીનું સ્થળ ગણપતિ ફાટક ની બાજુમાં જોરાવરનગર નું છે. જયારે, હાલના અરજદાર શ્વેતાબેન દ્વારા માંગવામાં આવેલ નવા કનેકશનનું સ્થળ ઉપર દર્શાવ્યા પ્રમાણે મથુરાપાર્ક, રે.સ.નં–૧૬૦૮ પૈકી પ્લોટ નં–૧૨ પૈકી સબ પ્લોટ નં–૧૨/૨ નું છે. આમ, પ્રતિવાદી ના જ જણાવ્યા અનુસાર બંને વિજ કનેકશનોની જગ્યા અલગ છે તથા અરજદાર પણ અલગ છે.

૩.૫ ઉપરોકત સંજોગોમાં ફોરમ એવા નિષ્કર્ષ પર આવે છે કે, હાલના વાદી અને પાવર ચોરી કેસના આસામી બંને અલગ છે તેમજ બંને કેસમાં સ્થળ પણ અલગ છે. આવા સંજોગોમાં પ્રતિવાદી દ્વારા

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.

સપ્લાય કોડ–૪/૨૦૧૫ ના કલોઝ નં–૪.૩૦ ને રજૂ કરી હાલના વાદીને નવા વિજ કનેકશન થી વંચિત રાખવા અંગેની કાર્યવાહી ખામીયુકત અને અયોગ્ય છે, તેમજ નિયમોનુસારની નથી. વાદી શ્વેતાબેન નવું વિજ કનેકશન મેળવવા હકકદાર છે.

૩.૬ આથી, હુકમ કરવામાં આવે છે કે, પ્રતિવાદી પીજીવીસીએલ એ વાદીને તેમના માંગેલા સ્થળે નવું ઘર વપરાશ નું વિજ કનેકશન ખાસ અંગભૂત યોજનાના નિયમાનુસાર આપવા દિવસ–૧૦ માં કાર્યવાહી કરવી.

**–:: હુકમ ::–**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૬ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જીલ્લા સેવા સદન–૩, ત્રીજો માળ, બ્લોક નં–૧, સરકારી પ્રેસ રોડ, રાજકોટ–૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

**(શ્રીમતી જે.એમ.મહેતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

(ગેરહાજર)
**(એન.આઈ.ઉપાધ્યાય)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એન.સી.મકવાણા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :– **૨૧/૦૬/૨૦૨૩.**

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar.